# The Bar Council of Gujarat

3rd Floor, Satyamev Complex, Opp. Gujarat High Court, Sola, Ahmedabad - 380 060. Phone: (079) 2743 4073, 2970 1096

E-mail: mail@barcouncilofgujarat.org - Website: www.barcouncilofgujarat.org


Ref. No.: BCG / 1645T /2026 Date : 03/10/2026

પ્રતિ
પ્રમુખશ્રી, ઉપ-પ્રમુખશ્રી, સેક્રેટરીશ્રી,
તમામ બાર એસોશીએસન
ગુજરાત રાજ્ય

વિષય : **ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬માં ભાડા સંબંધિત તકરારો અંગેના નિર્ણયોની સત્તા સંદર્ભે વિરોધ તથા આગળની કાર્યવાહી બાબત...**

માનનીયશ્રી

ચેરમેનશ્રી, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની સુચના અનુસાર આ પત્રના માધ્યમથી જણાવવાનુ કે, ગુજરાત સરકાર દ્વારા પાસ કરવામા આવેલ ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬ અંતર્ગત તકરારો અંગેના નિર્ણયોની સતા સંદર્ભે સ્મોલ કોઝ કોર્ટની જગ્યાએ ભાડા સત્તાધીકારીઓ કે જેમા એડીશનલ કલેકટર તથા ડેપ્યુટી કલેકટરશ્રી દ્વારા નિરાકરણ લાવવાની જે જોગવાઇ કરવામા આવેલ છે તે જોગવાઇ જોતા તકરારનુ નિવારણ કરવા માટેની સત્તાઓ જ્યુડીશીઅલ ઓથોરીટી પાસેથી આંચકી લઇ એડમીનીસ્ટ્રેટીવ ઓથોરીટીને આપવામા આવેલ હોવાનુ વિધેયકમા જોગવાઇ કરવામા આવેલ છે અને તે જોગવાઇથી સમગ્ર ગુજરાતના વકીલો તથા પક્ષકારો અને સામાન્ય જનતા અસરગ્રસ્ત થતી હોવાનુ ધ્યાને લઇ સમગ્ર ગુજરાતમા તે જોગવાઇ સામે વિરોધનો સુર ઉપસ્થિત થયેલ છે. અને તેના કારણે વકીલો દ્વારા તથા વકીલ મંડળો દ્વારા છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતની તમામ કોર્ટોના કામકાજથી સ્વૈચ્છિક રીતે અળગા રહી વિરોધ પ્રદર્શન કરવામા આવેલ છે અને સમગ્ર ગુજરાતના વકીલો અને પક્ષકારોને પડતી હાલાકી બાબતે કરવામા આવેલ વિરોધ ધ્યાને લઇ બાર કાઉંન્સિલ ઓફ ગુજરાત દ્વારા તેનુ સંજ્ઞાન લઇ તાત્કાલિક તા.૦૩/૧૦/૨૦૨૬ ના રોજ વરચ્યુઅલ અસાધારણ સભા બોલાવવામા આવી અને તેમા ઉપરોકત વિધેયકમા સ્મોઝ કોઝ કોર્ટ પાસેથી તકરારનુ નિવારણ કરવા માટેની સત્તાઓ લઇ લીધેલ હોવાથી વકીલો અને પ્રજાજનોને પડતી મુશ્કેલીઓ બાબતે વિગતવાર ચર્ચાઓ કરી સર્વાનુમતે નિર્ણયો લેવામા આવ્યા તે અંગે ઠરાવ કરવામા આવેલ છે જે ઠરાવની નકલ આ સાથે આપની જાણ અને અમલવારી કરવા સારુ સામેલ છે.

આ ઠરાવની નકલ આપના બાર એસોશીએસનના નોટીસ બોર્ડ ઉપર, કોર્ટના ગેટ ઉપર, બાર એસોશીએસનના વોટ્સ એપ ગ્રુપ અથવા એડવોકેટના અન્ય સોશીયલ મીડીયા ગ્રુપ હોય ત્યા પ્રદર્શિત કરવા જાણ કરવામા આવે છે.

આભાર સહ,

આપની વિશ્વાસુ,

Siddhi

(સિધ્ધિ ડી. ભાવસાર)
સેક્રેટરી,
બાર કાઉન્સીલ ઓફ ગુજરાત

બીડાણ : તા.૦૩/૧૦/૨૦૨૬ના રોજના બાર કાઉ ન્સિલ ઓફ ગુજરાતના ઠરાવની નકલ

**The Bar Council of Gujarat**

3rd Floor, Satyamev Complex, Opp. Gujarat High Court, Sola,
Ahmedabad - 380 060. Phone: (079) 2743 4073, 2970 1096
E-mail: mail@barcouncilofgujarat.org - Website: www:barcouncilofgujarat.org

Ref. No.: BCG / /20 Date :

**:: બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની જનરલ બોર્ડની મીટીંગનો તા.૦૩/૧૦/૨૦૨૬નો ઠરાવ ::**

ગુજરાત સરકાર દ્વારા પાસ કરવામા આવેલ ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬ અંતર્ગત તકરારો અંગેના નિર્ણયોની સત્તા સંદર્ભે સ્મોલ કોઝ કોર્ટની જગ્યાએ ભાડા સત્તાધીકારીઓ કે જેમા એડીશનલ કલેકટર તથા ડેપ્યુટી કલેકટરશ્રી દ્વારા નિરાકરણ લાવવાની જે જોગવાઇ કરવામા આવેલ છે તે જોગવાઇ જોતા તકરારનુ નિવારણ કરવા માટેની સત્તાઓ જ્યુડીશીઅલ ઓથોરીટી પાસેથી આંચકી લઇ એડમીનીસ્ટ્રેટીવ ઓથોરીટીને આપવામા આવેલ હોવાનુ વિધેયકમા જોગવાઇ કરવામા આવેલ છે અને તે જોગવાઇથી સમગ્ર ગુજરાતના વકીલો તથા પક્ષકારો અને સામાન્ય જનતા અસરગ્રસ્ત થતી હોવાનુ ધ્યાને લઇ સમગ્ર ગુજરાતમા તે જોગવાઇ સામે વિરોધનો સુર ઉપસ્થિત થયેલ છે. અને તેના કારણે વકીલો દ્વારા તથા વકીલ મંડળો દ્વારા છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતની તમામ કોર્ટોના કામકાજથી સ્વૈચ્છિક રીતે અળગા રહી વિરોધ પ્રદર્શન કરવામા આવેલ છે અને સમગ્ર ગુજરાતના વકીલો અને પક્ષકારોને પડતી હાલાકી બાબતે કરવામા આવેલ વિરોધ ધ્યાને લઇ બાર કાઉંન્સિલ ઓફ ગુજરાત દ્વારા તેનુ સંજ્ઞાન લઇ તાત્કાલિક આજરોજ વરચ્યુઅલ અસાધારણ સભા બોલાવવામા આવી અને તેમા ઉપરોકત વિધેયકમા સ્મોઝ કોઝ કોર્ટ પાસેથી તકરારનુ નિવારણ કરવા માટેની સત્તાઓ લઇ લીધેલ હોવાથી વકીલો અને પ્રજાજનોને પડતી મુશ્કેલીઓ બાબતે વિગતવાર ચર્ચાઓ કરી.

ચર્ચામા વિધેયકના કારણે વકીલો, પક્ષકારો તથા સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓ તથા એડમીનીસ્ટ્રેટીવ વિભાગ પાસે સરકાર તરફથી ઘણીબધી જવાબદારીઓ આપવામા આવતી હોવાથી તેમની પાસે સમયનો અભાવ હોવાના મુદ્દા તથા વિધેયક અનુસંધાને પુરાવો લેવાની બાબત તથા પુરાવાઓનુ મુલ્યાંકન કરવાની બાબત, તેમજ સ્મોલ કોઝ જજ પાસે તકરારનુ નિરાકરણ અને એડમીનીસ્ટ્રેટીવ ઓથોરીટી દ્વારા તકરારનુ નિરાકરણ થાય તેના ફાયદા અને ગેરફાયદા બાબતે વિસ્તૃત ચર્ચા કરી તેમજ તે સિવાયના પણ રજુ થયેલ તમામ મુદ્દાઓ ધ્યાને લઇ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે અસાધારણ સભામા આ બાબતે ગંભીર નોંધ લઇ સર્વાનુમતે નિર્ણય કરેલ છે કે સમગ્ર ગુજરાતના વકીલો મંડળોની આગેવાની હેઠળ વકીલો વિધેયકની ઉપરોકત જોગવાઇનો વિરોધ કરીને કોર્ટ કામકાજથી અળગા રહયા છે તે બાબતને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સંપુર્ણપણે સમર્થન આપે છે. વધુમા સોમવારથી તા.૦૫/૧૦/૨૦૨૬ થી ગુજરાતના તમામ વકીલ મંડળોના વકીલો કોર્ટ કામકાજથી જ્યા સુધી ઉપરોકત વિધેયકની જોગવાઇના પ્રશ્નનો વકીલો, પક્ષકારોના હિતમા સંતોષજનક ઉકેલ નહી આવે ત્યા સુધી ગુજરાતની તમામ કોર્ટો, ગુજરાતમા આવેલી ટ્રિબ્યુનલ્સ, ન્યાયિક તથા અર્ધન્યાયિક ઓથોરીટીઓ, રેવેન્યુ કચેરીમા ચાલતા કેસોના કામોથી સ્વૈચ્છિક રીતે વકીલ મંડળોની આગેવાની હેઠળ કોર્ટ કામકાજથી અળગા રહી ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬ સંદર્ભે વિરોધ પ્રદર્શિત કરશે. અને વિરોધ પ્રદર્શિત કરવા માટે જ્યા સુધી પ્રશ્નનો ઉકેલ નહિ આવે ત્યા સુધી વકીલ મંડળોના હોદ્દેદારો તથા વકીલો કોર્ટ કેમ્પસની બહાર

# The Bar Council of Gujarat

3rd Floor, Satyamev Complex, Opp. Gujarat High Court, Sola, Ahmedabad - 380 060. Phone: (079) 2743 4073, 2970 1096

E-mail: mail@barcouncilofgujarat.org - Website: www:barcouncilofgujarat.org


Ref. No.: BCG / /20 Date :



મોટી સંખ્યામા હાજર રહે અને રોજેરોજ તેમને યોગ્ય લાગે તેવા વિરોધ પ્રદર્શન થાય તેવા કાર્યક્રમો પણ આપે તેવુ સર્વાનુમતે ઠરાવવામા આવે છે.

વધુમા સર્વાનુમતે નિર્ણય કરવામા આવેલ છે કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનુ પ્રતિનિધિમંડળ, ચેરમેનશ્રી પી.ડી.પટેલ સાહેબની આગેવાની હેઠળ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી, તથા કાયદામંત્રીશ્રી પાસેથી તાત્કાલિક ધોરણે સમય મેળવી સરકારને ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬ મા જ્યુડીશીયલ ઓથોરીટી પાસેથી કેસોના નિર્ણય કરવાની સત્તા એડમીનીસ્ટ્રેટીવ ઓથોરીટીને આપતી જોગવાઇઓમા સુધારો કરે અને જ્યુડીશીયલ ઓથોરીટીને તે સત્તા પરત આપે અને તેના માટે તાત્કાલિક સદર વિધેયકમા કાયદામા જણાવેલી જોગવાઇઓ મુજબ સુધારો કરી પ્રશ્નોનો જડથી નિરાકરણ આવે તેમજ સમગ્ર ગુજરાતના વકીલો, પક્ષકારો વતી ગંભીરપણે રજુઆત કરવામા આવશે. જ્યા સુધી મજકુર પ્રશ્ન બાબતે સુખદ નિરાકરણ નહી આવે ત્યા સુધી સમગ્ર ગુજરાતના વકીલો વિધેયકનો વિરોધ અને કામથી અળગા રહેવાનો કાર્યક્રમ ચાલુ રાખશે.

આ ઠરાવની જાણ તથા અમલવારી માટે સમગ્ર ગુજરાતના તમામ વકીલ મંડળોને તાત્કાલિક કરવા માટે ઠરાવવામા આવે છે.

ઉપરોક્ત મુદ્દે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સમગ્ર ગુજરાતના વકીલો તથા અસીલોની પડખે અને સમર્થનમા છે અને તમામ વકીલ મંડળોના હોદ્દેદારો બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યોના સંકલનમા રહી અમલવારી કરવાનુ ઠરાવવામા આવે છે.

THE BAR COUNCIL OF GUJARAT AHMEDABAD